# વિષય - ૫૦૭

**કુલ ગુણ- ૩૦**

# સમુદાય અને પ્રારંભિક શિક્ષણ

## સ્વાધ્યાય કાર્ય-૧

**નોંધ- નીચેના પ્રશ્નોના ઉત્તર લગભગ ૫૦૦ શબ્દોમાં આપો.**

૧. *કેળવણી અને સમાજીકરણ/સામાજિકીકરણ કેવી રીતે આંતરસંબંધિત છે? સમજાવો. અધ્યેતાના જીવનકૌશલોના વિકાસમાં સમુદાયનો પ્રભાવ (અસર) કઈ રીતે પડે છે? ચર્ચા કરો.* (૦૫)

**અથવા**

*શિક્ષણતંત્ર પર અસર કરનાર સામાજિક-સાંસ્કૃતિક પરિબળો અને અધ્યેતાના સાંસ્કૃતિક વિકાસમાં સમુદાયની અસર વિશે ચર્ચા કરો* (૦૫)

૨. *શાળાકીય શિક્ષણમાં સમુદાયને સામેલ કરવાની આવશ્યકતા વિશે વર્ણન કરો. શાળાકીય શિક્ષણમાં સુધારણા લાવવા સમુદાયને કઈ રીતે સામેલ કરી શકાય? ઓછામાં ઓછા પાચ ઉપાય બતાવો.* (૦૫)

**અથવા**

*શાળાકીય શિક્ષણનાં કયાં કયાં ક્ષેત્રોમાં સમુદાયને સામેલ કરી શકાય છે? સમજાવો. શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ એ શાળાકીય શિક્ષણમાં સમુદાયને સામેલ કરવાના હેતુથી કઈ રીતે સહાયક છે? સમજાવો.* (૦૫)

## સ્વાધ્યાય- ૨

**નોંધ- નીચેના પ્રશ્નોના ઉત્તર ૫૦૦ શબ્દોમાં આપો.**

૧. *શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ ના મુખ્ય હેતુઓ કયા છે? આ અધિનિયમ અંતર્ગત શિક્ષણની બહુમુખી ભૂમિકાઓની ચર્ચા કરો* (૦૫)

**અથવા**

*નેતૃત્વ શું છે? શિક્ષણ માટે આ મહત્ત્વપૂર્ણ કેમ છે? નેતૃત્વની વિવિધ શૈલીઓ કઈ છે? તમારા વિદ્યાર્થીઓના યોગ્ય વિકાસ માટે તમે નેતૃત્વની કઈ શૈલી અપનાવશો? શા માટે?* (૦૫)

૨. *વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ ( સરકારી અને બિન-સરકારી) ની ભૂમિકાનું વર્ણન કરો. તમારી શાળાને વધુ સારી બનાવવા આ સંસ્થાઓ સાથે તમે કઈ રીતે આંતરક્રિયા (જોડાણ) કરો છો? ઉદાહરણ સાથે સમજાવો.* (૦૫)

**અથવા**

*સામુદાયિક ગતિશીલતા એટલે શું? શાળાતંત્ર માટે આ શા માટે જરૂરી છે? પ્રભાવશાળી સમુદાય સંચાલક બનવા માટે એક શિક્ષણ તરીકે તમારી પાસે કયાં ગુણો અને કૌશલો હોવાં જરૂરી છે? ચર્ચા કરો.* (૦૫)

## સ્વાધ્યાય- ૩

**નોંધ- નીચેના પ્રશ્નોના ઉત્તર ૧૦૦૦ શબ્દોમાં આપો.**

૧. *કોઈ શાળાના વ્યવસ્થાપન માટે કયા પ્રકારનાં સંસાધનોની જરૂર પડે છે? તમારી શાળામાં માનવ સંસાધન વ્યવસ્થાપન માટેનાં કોઈ ત્રણ વ્યાવહારિક સૂચનો લખો અને આ સૂચનો લાગુ પાડવા માટેની યોજના લખો.* (૦૫)

**અથવા**

*સંસાધન વ્યવસ્થાપનના આધારે તમારી શાળાનો વ્યક્તિગત અભ્યાસ તૈયાર કરો. એ પરથી વિશેષતાઓ અને નબળાઈઓની ઓળખ કરો. તમારી શાળામાં સંસાધન વ્યવસ્થાપન માટે સમુદાયને સામેલ કરવાના હેતુથી કોઈ પાંચ ઉપાયોનું વર્ણન કરો.* (૦૫)